# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

ફોન નંબર-0261-2662902, suratdeo@gmail.com , web :-www.suratdeo.org


જા.નં./મા-૨/૨૦૨૫/514 તા.૧૫/૦૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

**વિષય:-** વર્ષ ૨૦૨૪-૨૫ની વિકસતી જાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવતી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ સત્વરે મંજુર કરવા બાબત.

**સંદર્ભ:-** જિલ્લા નાયબ નિયામક ( વિકસતી જાતિ )ની કચેરી, નાનપુરા, સુરતનો પત્ર ક્રમાંક: જનાની/વિજા/શિષ્યવૃત્તિ/૨૦૨૪-૨૫/૫૫ થી ૬૩ તા.૧૦/૦૧/૨૦૨૫ પત્ર અન્વયે.

આ સાથે જિલ્લા નાયબ નિયામક ( વિકસતી જાતિ )ની કચેરી, નાનપુરા, સુરતના સંદર્ભ દર્શિતપત્ર અન્વયે જણાવવાનું કે વર્ષ ૨૦૨૪-૨૫ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાની કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

<u>સમયમર્યાદા</u>

જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ)ની કચેરી
જિલ્લા સેવા સદન,જૂની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ,નાનપુરા,સુરત -૩૯૫૦૦૧
ફોન:૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail: d.dirsurat@gmail.com

નં.જિનાની/વિજા/શિષ્યવૃત્તિ/૨૪-૨૫/૫૫ થી ૬૩ તારીખ: ૧૦/૦૧/૨૦૨૫

પ્રતિ,
આચાર્ય શ્રી
........................
શાળા/કોલેજ/સંસ્થા તમામ
જિલ્લો-સુરત

વિષય:- વર્ષ ૨૦૨૪-૨૫ વિકસતી જાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવતી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ સત્વરે મંજુર કરવા બાબત.

સંદર્ભ :- નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર નો પરીપત્ર ક્રમાંક:વિજાક/શિક્ષણ/પોસ્ટ મેટ્રિક/૨૦૨૪-૨૫, તા.૦૩/૦૧/૨૦૨૫

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ડિજીટલ ગુજરાત પોર્ટલ પર આપની કક્ષાએ આવેલ શિષ્યવૃત્તિની તમામ યોજનાઓની અરજીઓ રોજેરોજ ચકાસણી કરી **<u>SEND TO HIGHER AUTHORITY</u>** (જિલ્લા કચેરી)ને મોકલવી જેથી ચાલુ નાણાંકીય વર્ષમાં જ ચુકવણુ કરવાની સરકારશ્રીમાંથી સૂચના હોય તમામ શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રી અંગત રસ લઈ કામગીરી કરવા જણાવવામાં આવે છે અન્યથા શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને સમયસર નહીં મળે અને ભવિષ્યમાં આ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો જે તે શાળા/કોલેજ/સંસ્થાના આચાર્યશ્રી જવાબદારી રહેશે.

વધુમાં અત્રેની કચેરી દ્વારા ડિજીટલ ગુજરાત પોર્ટલ પર અમલિત પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ <u>બીસીકે-૩૨૫</u> અને <u>ડીએનટી-૨ ફુડ બિલ</u> વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સહાય યોજના તેમજ સમાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે <u>પ્રાઇવેટ ટ્યુશન સહાય (ધોરણ ૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહ)</u> અંતર્ગત આપની શાળા/કોલેજ/સંસ્થામાં આવતી વિદ્યાર્થીઓની અરજીઓમાં જે વિદ્યાર્થી આ યોજના હેઠળ ખરેખર સહાય મેળવવાને પાત્ર હોય તેવા વિદ્યાર્થીઓની અરજીઓ શાળા/કોલેજ/સંસ્થા કક્ષાએથી વેરિફાઇ કરી દિન-૭માં **<u>SEND TO HIGHER AUTHORITY</u>** (જિલ્લા કચેરી)ને મોકલી આપવી. તથા વેરિફાઇ કરેલ અરજીની હાર્ડ કોપી અત્રેની કચેરીએ દિન-૭માં જમા કરાવી જવું. જેથી વર્ષ ૨૦૨૪-૨૫ ના અંત સુધીમાં અત્રેની કચેરીથી આ યોજના હેઠળ ખરેખર સહાય મેળવવાને પાત્ર હોય તેવા વિદ્યાર્થીઓને લાભ આપી શક

| જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત. |

**નોંધ:- પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ અંતર્ગત આપવામાં આવતી સહાય જે તે નાણાંકીય વર્ષના અંત સુધીમાં જ આપી દેવાની હોય સત્વરે અરજીઓ મંજુર કરી જિલ્લા કક્ષાએ ફોરવર્ડ કરી દેવું. જે તે નાણાંકીય વર્ષ પુર્ણ થયા બાદ જિલ્લા કચેરીને ફોરવર્ડ કરેલ અરજીનું ચુકવણું અત્રેની કચેરીથી થઇ શકશે નહી જેની જવાબદારી સંલગ્ન કોલેજ/સંસ્થાની સહેશે.**

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ, સુરત

નકલ સવિનય રવાના:-

(૧) માન. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, સુરત તરફ જાણ તથા આપના તાબા હેઠળની શાળા/કોલેજ/સંસ્થાઓને જાણ કરવા અને વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ
(૩) કુલ સચિવશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા યુનિવર્સિટીના તમામ વિભાગો તેમજ તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.
(૪) કુલ સચિવશ્રી, ભગવાન મહાવીર યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.
(૫) કુલ સચિવશ્રી, ઉકા તરસાડીયા યુનિવર્સિટી, બારડોલી તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.
(૬) કુલ સચિવશ્રી, પી.પી.સવાણી યુનિવર્સિટી, ધામળોદ, કોસંબા તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.
(૭) કુલ સચિવશ્રી, સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, સુરત તરફ જાણ તથા તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.
(૮) કુલ સચિવશ્રી, ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ તરફ જાણ તથા તાબા હેઠળની તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.
(૯) કુલ સચિવશ્રી, ઓરો યુનિવર્સિટી, સુરત તરફ જાણ તથા તાબા હેઠળની તમામ કોલેજોને જરૂરી સૂચના આપવા સારૂ.